હાર્દિક પંડ્યાએ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ડિલીટ કર્યું

મુંબઇ, તા. 27 : હાર્દિક પંડ્યાનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ડિલીટ થઇ ગયું છે. મુંબઇ ઇન્ડિયન્સનો કેપ્ટન પંડ્યા સોશિયલ મીડિયા પર ઘણો સક્રિય છે. પરંતુ બુધવારે સાંજે, પંડ્યાના એકાઉન્ટમાં સંદેશ દેખાયો કે 'માફ કરશો, આ પેજ ઉપલબ્ધ નથી. તમે જે લિંક ફોલો કરી હતી તે કદાચ બ્રેક હશે, અથવા પેજ દૂર કરવામાં આવ્યું હશે. ઇન્સ્ટાગ્રામ પર પાછા જાઓ'. હાર્દિકના 40 મિલિયનથી વધુ ફોલોઅર્સ હતા. આઇપીએલ 2026માંથી મુંબઇ ઇન્ડિયન્સ બહાર નીકળ્યા બાદ તેના દ્વારા આ પગલું ભરાયું હતું.

IPLની ચકાચૌંધમાં ચેમ્પિયન પોલ વોલ્ટર્સની દયનીય સ્થિતિનો વીડિયો વાયરલ

નવી દિલ્હી, તા. 27 : હાલમાં દેશમાં આઈપીએલ પૂરજોશમાં ચાલી રહી છે, જો કે ક્રિકેટની ચકાચૌંધ અને ગ્લેમરથી દૂર, એક એવો વીડિયો સામે આવ્યો જેનાથી દેશના અન્ય રમતોના ખેલાડીઓની દયનીય સ્થિતિ સામે આવી છે.

રાંચીમાં આયોજિત ફેડરેશન કપ 2026 દરમિયાન શાનદાર પ્રદર્શન કરવારા બે પોલ વોલ્ટર્સ દેવ કુમાર મીણા અને કુલદીપ કુમારે 2026 કોમનવેલ્થ ગેમ્સ માટે સ્થાન પણ મેળવ્યું. પરંતુ તેના થોડા કલાકો પછી, આ ખેલાડીઓની તેમના પોલ વોલ્ટ સાથે મુસાફરી કરવાની લાંબા સમયથી ચાલતી સમસ્યા સામે આવી. બંને ખેલાડીઓ ઈ-રિક્ષામાં તેમના પોલ વોલ્ટ લઈને જતા જોવા મળ્યા. ઈન્સ્ટાગ્રામ પરના તેમના વીડિયોને 24 કલાકથી ઓછા સમયમાં 4 મિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા. હજારો લોકોએ તેના પર ટિપ્પણી કરી. ભારતમાં અન્ય રમતો વિશે ચિંતિત ઘણા ચાહકો રડતા ઈમોજી પોસ્ટ કર્યા.

સૂર્યવંશીની વૈભવી ઈનિંગ, SRH સામે 244 રનનો લક્ષ્યાંક

વૈભવ સૂર્યવંશીએ પેટ કમિન્સ સહિતના બોલરોને ઝુડીને 29 બોલમાં 12 છગ્ગાની મદદથી 93 રન બનાવ્યા

વિશાળ સ્કોર ભણી જતું રાજસ્થાન અંતિમ ઓવરોમાં લથડ્યું અને અંતિમ પાંચ ઓવરોમાં પાંચ વિકેટ ગુમાવી

મુલ્લાનપુર, તા. 27 : આઈપીએલ એલિમિનેટરની આજે બુધવારે અહીં રમાયેલી મેચમાં માત્ર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીએ ફરી એકવાર ક્રિકેટ જગતને આશ્ચર્યચકિત કર્યું હતું. સનરાઇઝર્સ હૈદરાબાદ સામે આ વન્ડર કિડે પેટ કમિન્સ જેવા દિગ્ગજ બોલરોની લાઇન-લેન્થ બગાડીને માત્ર ૨૯ બોલમાં ૧૨ સિક્સરની મદદથી ૯૭ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. જોકે, સૂર્યવંશીની આ તોફાની ઈનિંગ બાદ રાજસ્થાન રોયલ્સનો મિડલ ઓર્ડર ધબડકો થતાં ટીમ ૮ વિકેટે ૨૪૩ રન જ બનાવી શકી હતી. આટલી નાની ઉંમરે સતત નવી ઊંચાઈઓ સર કરી રહેલા આ ૧૫ વર્ષના ડાબોડી બેટરે ફ્લેટ પિચ પર કમિન્સ એન્ડ કંપની સામે સિક્સરનો વરસાદ કરી દીધો હતો. ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સ અને તેના સાથી બોલરોએ સૂર્યવંશીને રોકવા માટે તમામ પ્રયાસો કર્યા, પરંતુ આ મુક્તમને રમતા બેટરે દરેક બોલને સ્ટેન્ડમાં મોકલીને જ જવાબ આપ્યો હતો. પિચ બેટિંગ માટે અનુકૂળ હતી, પરંતુ સૂર્યવંશીનું બોલ કનેક્ટિંગ અદભુત હતું. ફૂલ લેન્થ બોલને તેણે બોલરના માથા ઉપરથી ફટકાર્યા, શોર્ટ બોલને થર્ડ મેન પર સ્લેશ કર્યા અને પેડ્સ પર આવતા બોલને ફાઈન લેગ પર ફ્લિક કરીને સિક્સરમાં ફેરવી દીધા. તેના ઝડપી હાથો અદ્ભુત કમાલ કરી રહ્યા હતા. ધ્રુવ જુરેલે પણ શાનદાર બેટિંગ કરતા ૨૧ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા, જે આ સીઝનની તેની છઠ્ઠી હાફ સેન્ચુરી હતી. એક સમયે રાજસ્થાન રોયલ્સ ૧૩ ઓવરમાં ૨ વિકેટે ૧૮૦ રન બનાવીને અજેય લાગી રહી હતી, પરંતુ ડેથ ઓવર્સમાં હૈદરાબાદે શાનદાર પુનરાગમન કર્યું હતું. છેલ્લી ૫ ઓવર સંપૂર્ણપણે SRHના નામે રહી, જેમાં તેમણે માત્ર ૩૬ રન આપીને રાજસ્થાનની ૫ વિકેટો ઝડપી લીધી અને રન રેટ પર અંકુશ મેળવ્યો.

સૌથી ઝડપી સદીનો ગેલનો રેકોર્ડ એક શોટ માટે વૈભવ ચૂક્યો

અંતે, આઠમી ઓવરમાં પ્રફુલ હિંગેના બોલ પર થર્ડ મેન પર કેચ આઉટ થતાં તે ક્રિસ ગેલના આઈપીએલના સૌથી ઝડપી સદીના રેકોર્ડ (૩૦ બોલ)ને તોડવાથી સહેજ માટે ચૂકી ગયો. આઈપીએલના ઇતિહાસમાં સૌથી નાની ઉંમરે સદી ફટકારવાનો રેકોર્ડ તેની રાહ જોઈ રહ્યો હતો, પરંતુ તે માત્ર એક જ હિટ દૂર રહી ગયો. પેવેલિયન તરફ પરત ફરતી વખતે તેના ચહેરા પર નિરાશા સ્પષ્ટ દેખાતી હતી, જોકે સ્ટેડિયમમાં હાજર તમામ દર્શકો અને વિરોધી ટીમના ખેલાડીઓએ પણ તેને તાળીઓથી વધાવી લીધો હતો.

રાજસ્થાન રોયલ્સ	રન	બોલ	4	6
જયસ્વાલ કો.અભિષેક બો.શિવાંગ	29	29	4	0
વૈભવ કો.સ્મરણ બો.હિંગે	97	29	5	12
જુરેલ કો.નીતિશ બો.હિંગે	50	21	5	3
પરાગ કો.ક્લાસેન બો.હિંગે	26	12	2	2
ફેરેરા રનઆઉટ	12	9	1	0
શનાકા કો.અભિષેક બો.મલિંગા	5	3	1	0
જાડેજા નોટઆઉટ	12	9	1	0
આર્ચર કો.અભિષેક બો.નીતિશ	4	5	1	0
બર્ગર રનઆઉટ	1	1	0	0
સુશાંત નોટઆઉટ	1	3	0	0
વધારાના	6			
કુલ (20 ઓવરમાં આઠ વિકેટે)	243			

વિકેટપતન : 1-125, 2-137, 3-192, 4-207, 5-214, 6-234, 7-238, 8-240

બોલિંગ	O	M	R	W
પેટ કમિન્સ	4	0	64	0
ઇશાન મલિંગા	4	0	40	1
સાકિબ હસન	4	0	52	0
પ્રકુલ્લ હિંગે	4	0	54	3
શિવાંગ કુમાર	2	0	19	1
નીતિશ કુમાર રેડ્ડી	2	0	12	1

વૈભવ સૂર્યવંશીએ તોફાની બેટિંગથી ક્રિસ ગેલનો છગ્ગાનો રેકોર્ડ તોડ્યો

આઇપીએલ પ્લેઓફમાં બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી અર્ધસદી ફટકારવા મામલે રૈનાની બરોબરી કરી

મુલ્લાનપુર, તા. 27 : ઇન્ડિયન પ્રીમિયર લીગ 2026ની એલિમિનેટર મેચમાં 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ જે કર્યું તે વર્ષો સુધી યાદ રહેશે. સૂર્યવંશીએ 29 બોલમાં 97 રન બનાવ્યા. આ ઇનિંગમાં સૂર્યવંશીએ ઘણા રેકોર્ડ તોડ્યા. જેમાં વૈભવે ક્રિસ ગેલનો એક જ IPL સિઝનમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ પણ તોડી નાખ્યો. ગેઇલે 2012 માં 59 છગ્ગા ફટકાર્યા હતા, પરંતુ વૈભવે આ સિઝનમાં અત્યાર સુધીમાં 61 છગ્ગા ફટકારીને આ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. આન્દ્રે રસેલ (52 છગ્ગા) અને જોસ બટલર (45 છગ્ગા) જેવા પ્રખ્યાત પાવર-હિટર હવે આ 15 વર્ષના ખેલાડીથી ઘણા પાછળ રહી ગયા છે. સાથે જ સૂર્યવંશીએ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે માત્ર 16 બોલમાં ફિફ્ટી ફટકારી, જે IPL પ્લેઓફ/નોકઆઉટમાં ઝડપી ફિફ્ટી મામલે સંયુક્ત રીતે સૌથી ઝડપી ખેલાડી બન્યો. સુરેશ રૈનાએ વાનખેડે સ્ટેડિયમ ખાતે 2014ના પ્લેઓફમાં પંજાબ કિંગ્સ સામે માત્ર 16 બોલમાં ફિફ્ટી ફટકારી હતી.

એક IPL સિઝનમાં સર્વાધિક છગ્ગા

ખેલાડી	છગ્ગા	વર્ષ
વૈભવ સૂર્યવંશી	66	2026
ક્રિસ ગેલ	59	2012
આન્દ્રે રસેલ	52	2019
ક્રિસ ગેલ	51	2013
જોશ બટલર	45	2022

IPL પ્લેઓફમાં બોલની દૃષ્ટિએ સૌથી ઝડપી અર્ધસદી

ખેલાડી	ટીમ	હરીફ	સ્થળ	બોલ	વર્ષ
વૈભવ સૂર્યવંશ	RR	SRH	ન્યૂ ચંદીગઢ	16	2026
સૂરેશ રૈના	CSK	PBKS	મુંબઇ	16	2014
એડમ ગિલક્રિસ્ટ	ડેક્કન્ ચાર્જર્સ	DD	સેન્ચુરિયન	17	2009
રજત પાટીદાર	RCB	MI	મુંબઇ	17	2026
ફાફ ડુ પ્લેસિ	RCB	GT	બેંગલુરુ	18	2024

નાઓમી ઓસાકાએ ફ્રેન્ચ ઓપનમાં પહેરેલા ડ્રેસથી વિવાદ

મંગળવારે ફ્રેન્ચ ઓપનના પ્રથમ રાઉન્ડમાં થયેલા મુકાબલા બાદ, નાઓમી ઓસાકાના એફિલ ટાવરથી પ્રેરિત પોશાકને તેની સો હારેલી લૌરા સિગમન્ડે 'સમસ્યાજનક' ગણાવ્યો હતો. ગુરુવારે કોર્ટ સુઝાન લેંગલેન પર ઓસાકાએ જર્મનીની લૌરા સિગમન્ડને 6-3, 7-6 થી હરાવી હતી. હવે તે બીજા રાઉન્ડમાં ક્રોએશિયાની ડોના વેકિક સામે રમશે.

જોકે, આ મેચમાં ઓસાકાના શોટ્સની શ્રેણી મુખ્ય ચર્ચાનો મુદ્દો નહોતો - સિગમન્ડે રમતના 'મોટા સ્ટાર્સ'ને આપવામાં આવતી પસંદગીની સારવાર અને નિયમો હંમેશા તેમના પર લાગુ ન થવા બદલ દુઃખ વ્યક્ત કર્યું. ઓસાકાએ નાઇકી ડિઝાઇનનો કસ્ટમ-મેઇડ આઉટફિટ પહેર્યો હતો જેની તુલના એફિલ ટાવર સાથે કરવામાં આવી છે.

સિક્વિન અને ચમકતા ગોલ્ડન પોશાકમાં એક ઔપચારિક કાળો સ્કર્ટ અને સ્લીવલેસ મણકાવાળી બ્લાઉઝ પણ હતી જે તેણીએ કોર્ટમાં જતી વખતે ઉતાર્યા હતા.

નોર્વે ચેસ: ગુકેશ વેસ્લી સામે અને પ્રજ્ઞાનંદા અલીરેઝા સામે હાર્યા

ઓસ્લો, તા. 27 (પીટીઆઈ) : નોર્વે ચેસ ચેમ્પિયનશીપમાં ભારતીયો માટે બીજો દિવસ નિરાશાજનક રહ્યો કારણ કે વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ આર્માગેડન રાઉન્ડમાં વેસ્લી સો સામે હારી ગયો હતો જ્યારે આર પ્રજ્ઞાનંદા ફ્રેન્ચ ખેલાડી અલીરેઝા ફિરોઝા સામે હારી ગયો હતો. ફિરોઝાએ સતત બે જીત બાદ છ પોઈન્ટ સાથે ટુર્નામેન્ટમાં ટોચનું સ્થાન મેળવ્યું. ડિફેન્ડિંગ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને ફરી એકવાર જર્મન વિન્સેન્ટ કીમર દ્વારા સખત લડત આપવામાં આવી, પરંતુ સાત વખતનો ચેમ્પિયન આખરે આર્માગેડનમાં જીત્યો. આર્માગેડનના બીજા રાઉન્ડમાં નિરાશાજનક પરિણામ છતાં, ગુકેશ 2.5 પોઈન્ટ સાથે વેસ્લી સો સાથે સંયુક્ત બીજા સ્થાને રહ્યા. પ્રજ્ઞાનંદા અને કાર્લસન જેવા દિગ્ગજ ખેલાડીઓ 1.5 પોઈન્ટ સાથે પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમાં સૌથી નીચે રહ્યા. ગુકેશ આર્માગેડનની હારથી નિરાશ દેખાઈ રહ્યો હતો, જે તેના ચહેરા પર સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. તેણે મેરેથોન ક્લાસિકલ મેચમાં દબાણ જાળવી રાખ્યું અને આરામદાયક જીત માટે તૈયાર દેખાતો હતો, પરંતુ તે 116 ચાલમાં ડ્રો કરાવવામાં સફળ રહ્યો.

ફ્રેન્ચ ઓપન : સ્વિએટેક ત્રીજા રાઉન્ડમાં, સ્વિટોલિના, બેનસિક પણ જીતી

સારા બેજલેકને હરાવીને સ્વિટેકે ફ્રેન્ચ ઓપનમાં કેરિયર રેકોર્ડ સુધારીને 42-3 કર્યો

પેરિસ તા. 27 : ફ્રેન્ચ ઓપનમાં બીજા રાઉન્ડની એક મેચ જીતીને-ઈગા સ્વિટેકે ફ્રેન્ચ ઓપનમાં પોતાનો કેરિયર રેકોર્ડ 42-3 સુધી સુધાર્યો છે.

ચાર વખતની ચેમ્પિયને બુધવારે 35મી ક્રમાંકિત સારા બેજલેકને 6-2, 6-3થી હરાવીને ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો. સ્વિટેકે 2020, 2022, 2023 અને 2024માં રોલેન્ડ ગેરોસ જીતી હતી.

પેરિસમાં ગરમીનું મોજું હજુ પણ એક પરિબળ હોવા છતાં , સાતમી ક્રમાંકિત એલિના સ્વિટોલીનાએ કેટલીન ક્વેવેડો પર 6-0, 6-4 થી વિજય મેળવીને આગેકૂચ કરી હતી. ઇટાલિયન ઓપન ટ્રોફી જીત્યા પછી સ્વિટોલીના આઠ મેચ જીતી છે. ઉપરાંત, ૧૧મી ક્રમાંકિત બેલિન્ડા બેનસિકે અમેરિકન પ્રતિસ્પર્ધી કેટી મેકનેલીને ૬-૪, ૬-૦થી હરાવી.આ વર્ષની ટુર્નામેન્ટના સતત ચોથા દિવસે, તાપમાન ઓછામાં ઓછું 32 ડિગ્રી સેલ્સિયસ (90 ફેરનહીટ) સુધી વધવાની આગાહી કરવામાં આવી હતી.

ફ્રેન્ચ ઓપન મેચ રમવા જતાં અકસ્માત થવા છતાં કોકો ગફ જીતી

ફ્રેન્ચ ઓપન ટાઇટલ ડિફેન્સની પ્રથમ મેચ માટે મંગળવારે રોલેન્ડ ગેરોસ જતી વખતે કોકો ગૌફને કાર અકસ્માત થયો હતો. તે ઘાયલ દેખાતી નહોતી. ગફે સાથી અમેરિકન ટેલર ટાઉનસેન્ડને 6-4, 6-0થી હરાવ્યા બાદ કહ્યું હતું કે આજે સાઇટ પર જતા સમયે અમને એક નાની કાર અકસ્માત થયો, અમે એક પોલ સાથે અથડાઇ ગયા. હું કાર ચલાવી શકાતી ન હતી. તેથી અમે ટેક્સી લીધી એવું તેણે ઉમેર્યું હતું.

સિંગાપોર ઓપન : પ્રણોયે ક્રિસ્ટીને હરાવીને અપસેટ કર્યો

સિંગાપોર, તા. 27 (પીટીઆઈ) : સ્ટાર ભારતીય શટલર એચએસ પ્રણોયે બુધવારે અહીં એક મુશ્કેલ મુકાબલામાં પાંચમા ક્રમાંકિત ઈન્ડોનેશિયન જોનાથન ક્રિસ્ટીને હરાવીને સિંગાપોર ઓપન સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટના પુરુષ સિંગલ્સ ઈવેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો, જ્યારે કિદામ્બી શ્રીકાંત અને માલવિકા બંસોડ પહેલા રાઉન્ડમાં હારીને બહાર થઈ ગયા. વર્લ્ડ ચેમ્પિયનશિપ 2023 અને એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા 33 વર્ષીય પ્રણોયે એક કલાકથી થોડા સમયમાં વિશ્વના પાંચમા ક્રમાંકિત ઈન્ડોનેશિયન ખેલાડી પર 10-21, 21-12, 21-18 થી વિજય મેળવ્યો. પાંચ વર્ષમાં ક્રિસ્ટી સામે પ્રણોયનો આ પહેલો વિજય છે.

સુડોકુ ૬૫૩૪ - 'ક્લુ'

૨			૭	૩	૧		૮	૬
૧	૬	૪				૯		
૩	૮	૭	૬				૨	
૯			૩			૬		૨
૬	૨		૯		૫			૪
૪					૬	૮	૯	૫
૭	૯			૫			૪	
			૪			૩		૯
	૪	૩	૮		૨	૧		

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૬૫૩૪ ઉકેલ

૨	૫	૯	૭	૩	૧	૪	૮	૬
૧	૬	૪	૫	૨	૮	૯	૭	૩
૩	૮	૭	૬	૪	૯	૫	૨	૧
૯	૭	૫	૩	૮	૪	૬	૧	૨
૬	૨	૮	૯	૧	૫	૭	૩	૪
૪	૩	૧	૨	૭	૬	૮	૯	૫
૭	૯	૬	૧	૫	૩	૨	૪	૮
૮	૧	૨	૪	૬	૭	૩	૫	૯
૫	૪	૩	૮	૯	૨	૧	૬	૭

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

રતાંધળાપણું

વ્યક્તિ દિવસના પ્રકાશમાં જોઈ શકે પણ રાતના ન જોઈ શકે એવી પરિસ્થિતિમાં ગુવારના પાનની ભાજી ખાવાના ઉલ્લેખ મળે છે. સાથે ત્રિફલા ઘૃત રોજ એક ચમચી ગરમ દૂધ સાથે ખાવું. આ બાબતે સંશોધન જરૂર થવું જોઈએ.

અનુસંધાન... પાના પહેલાનું

ઇઝરાયેલે હમાસના...

કર્યો છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇઝરાયેલ કાત્ઝે નવા વડા ઓદહને 7 ઓક્ટોબર 2023ના હુમલાના 'મુખ્ય સૂત્રધારો' માંથી એક ગણાવ્યા હતા. આ હુમલામાં ઓદહ ઉપરાંત તેમનાં પત્ની, પુત્ર અને પુત્રી સહિત કુલ પાંચ લોકોનાં મોત થયાં છે, જ્યારે 12 લોકો ઈજાગ્રસ્ત થયા છે. હમાસે હજુ આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી. બીજી તરફ, મુસ્લિમોના પવિત્ર તહેવાર 'ઈદ અલ-અધા' (બકરીઈદ)ની પૂર્વસંધ્યાએ જ આ હુમલો થતાં ગાઝામાં ભારે આક્રોશ અને ગમગીનીનો માહોલ છે. બુધવારે ગાઝા સિટીમાં ઓદહ અને તેમના પરિવારની જનાજાની યાત્રામાં હજારો લોકો ઉમટી પડ્યા હતા, જ્યાં હમાસના લીલા ઝંડા સાથે ઇઝરાયેલ વિરોધી સૂત્રોચ્ચાર કરાયા હતા. ગાઝામાં આ વર્ષે પણ ઈદનો તહેવાર એકદમ ફિક્કો રહ્યો છે. સંયુક્ત રાષ્ટ્રોના અંદાજ મુજબ ગાઝાની 20 લાખથી વધુ વસ્તીના 90 ટકા લોકો વિસ્થાપિત થઈને રાહત શિબિરો અને તંબુઓમાં નરકીય સ્થિતિમાં જીવી રહ્યા છે. ઓક્ટોબરમાં થયેલી નાજુક યુદ્ધવિરામની સમજૂતી છતાં હિંસા ચાલુ છે. ઉલ્લેખનીય છે કે 2023થી શરૂ થયેલા આ ભયાનક યુદ્ધમાં અત્યાર સુધીમાં 72,800થી વધુ પેલેસ્ટિનિયનોનાં મોત નીપજ્યાં છે.

ચંદ્ર પર...

અને ચુંબકીય ક્ષેત્રોનો અભ્યાસ કરશે, જેમાં યુરોપિયન અને કોરિયન સ્પેસ એજન્સીના પેલોડ પણ સામેલ હશે. નાસાનો આ કાર્યક્રમ ત્રણ તબક્કામાં વહેંચાયેલો છે. પ્રથમ તબક્કામાં આગામી ત્રણ વર્ષ સુધી ટેક્નોલોજીનું પરીક્ષણ કરાશે અને વર્ષ 2028ના આર્ટેમિસ-III મિશન માટે લૂનર ટેરેન વ્હીકલ તૈયાર કરાશે. બીજા તબક્કામાં (વર્ષ 2029 થી 2032) પાવર ગ્રીડ સહિતનું કાયમી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે. જ્યારે ત્રીજા તબક્કામાં (વર્ષ 2032 અને ત્યારપછી) અવકાશયાત્રીઓની નિયમિત અવરજવર સાથે કાયમી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવશે. અગાઉ એપ્રિલમાં આર્ટેમિસ-II મિશન હેઠળ ચાર અવકાશયાત્રીઓ ચંદ્રની પ્રદક્ષિણા કરીને આવ્યા હતા, જે વર્ષ 1972ના એપોલો-17 મિશન પછી માનવસહિતનું પ્રથમ આવું મિશન હતું.

કેરળમાં દરોડા...

વાહનોના કાચ અને સાઈડ મિરર્સ સંપૂર્ણપણે તૂટી ગયા હતા. ટોળાએ લાકડીઓ અને લાતો વડે ગાડીઓ પર હુમલો કર્યો હતો, જેમાં એક ડ્રાઈવર ઘાયલ થયો હોવાના અહેવાલ છે. વાહનોમાં એક મહિલા અધિકારી પણ સવાર હતા અને કેન્દ્રીય સુરક્ષા દળોને ટોળાને કાબૂમાં લેવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ પહેલા દરોડા ચાલુ હતા ત્યારે પણ સુરક્ષાકર્મીઓ પર હેલ્મેટ અને પ્લાસ્ટિકની બોટલો ફેંકવામાં આવી હતી. ઘટના બાદ ઈડીના અધિકારીઓએ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા માટે થમ્પાતુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો છે.

કચ્છના દરિયામાંથી...

Nassoro Jumanne) દરિયામાં કૂદી ફરાર થઈ ગયો હતો, જેને શોધવા માટે મુદ્રા નજીક દરિયા સર્ચ ઓપરેશન ચાલુ છે. વધુ તપાસ દરમિયાન જહાજના સ્ટીયરિંગ ગિયર રૂમમાંથી ગ્રાર્મીન કંપનીના બે જીપીએસ અને સેટેલાઈટ કોમ્યુનિકેશન ઉપકરણો પણ મળી આવ્યા હતા. ગુજરાત એટીએસ દ્વારા ATSએ જુમા નાસીર ઓમારેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. જ્યારે દિલ્હી અને દ્વારકામાંથી કેલ્વીન ચુકવુમા અને બ્હારયુહંગા જેમ્સને દિલ્હી પોલીસની મદદથી રાઉન્ડ અપ કરવામાં આવ્યા છે અને તેઓને બન્નેને ગુજરાત લાવવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. પ્રાથમિક તપાસ મુજબ જહાજ ઉપરના બંને આરોપીઓ તાન્ઝાનિયાના નાગરિક છે, જ્યારે દિલ્હીમાંથી પકડાયેલા આરોપીઓમાં એક નાઈજીરિયા અને એક યુગાન્ડાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

દિલ્હી ડાયરી...

રીતે ભાજપને ભારતીય લોકશાહીની હત્યા કરવામાં મદદ કરી?! મુખ્ય ચૂંટણી કમિશનર પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતોમાં પોતાના નાટકીય અંદાજ માટે જાણીતા છે. આવી જ એક વાતચીત પછી, એક મહિલા પત્રકારે સીઈસી સાથેનો પોતાનો ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો અને કેપ્શનમાં લખ્યું હતું કે, આગામી ચૂંટણીઓ (ઉત્તર પ્રદેશ, પંજાબ)માં ઘણું બધું જોવા મળશે.

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીનું વધતું કદ

મુશ્કેલીઓનો સામનો કરી રહેલા ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીને તાજેતરમાં થોડી રાહત મળી છે. કારણ કે, ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ તેમને પક્ષના એક શક્તિશાળી કેન્દ્રીય નેતા સાથે એક મહત્ત્વની જવાબદારી સોંપી છે. મુખ્યમંત્રી તરીકેના તેમના નીરસ દેખાવને કારણે માઝી પોતાની જ પાર્ટી અને રાજકીય વિરોધીઓ બંનેના નિશાના પર આવ્યા હતા. પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રીની પસંદગી માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પછીના ભાજપના સૌથી શક્તિશાળી કેન્દ્રીય નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મદદ કરવા માટે માઝીને 'સહ-નિરીક્ષક' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા બાદ તેમનું કદ અચાનક વધી ગયું છે. વાસ્તવિકતા એ છે કે, શાહની હાજરીમાં તેમની ભૂમિકા નહિવત અથવા ખૂબ ઓછી હતી, તેમ છતાં આ બાબતે ઓડિશા ભાજપની અંદર તેમના પદની પ્રતિષ્ઠા ચોક્કસપણે વધારી દીધી છે. માઝીએ પશ્ચિમ બંગાળ અને આસામની વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર માટે પ્રવાસ પણ કર્યો હતો. પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી સાથેની તેમની નિકટતા બંને પાડોશી પૂર્વીય રાજ્યો વચ્ચેના ઘણા વિવાદાસ્પદ મુદ્દાઓ ઉકેલવામાં મદદરૂપ બને તેવી શક્યતા છે. જોકે, ઓડિશા ભાજપની અંદર હવે ક્રેડિટ લેવાની સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બૈજયંત પાંડાના સમર્થકો એવો દાવો કરી રહ્યા છે કે, પશ્ચિમ બંગાળ અને આસામમાં પક્ષની ચૂંટણી જીતમાં તેમની મુખ્ય ભૂમિકા હતી.\

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની રાજ્યત્વ માટેની લડત

જમ્મુ અને કાશ્મીર રાજ્યમાંથી અલગ કરીને બનાવવામાં આવેલા બે કેન્દ્રશાસિત પ્રદેશો, જે હવે લદ્દાખ અને જમ્મુ-કાશ્મીર તરીકે ઓળખાય છે, તેઓ હાલમાં એક સમાન મુદ્દા પર કેન્દ્ર સરકાર સામે લડત ચલાવી રહ્યા છે. આ મુદ્દો છે 'રાજ્યત્વનો દરજ્જો આપવો', જોકે, લદ્દાખવાસીઓની આ સાથે અન્ય માંગણીઓ પણ જોડાયેલી છે. બંને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજકીય પક્ષો, ભાજપને બાદ કરતાં, ગૃહમંત્રી અમિત શાહ તરફ થોડી આશા સાથે જોઈ રહ્યા છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની એક નિરાશાજનક પ્રતિક્રિયા હતી જ્યારે તેઓ તાજેતરમાં નવી દિલ્હીમાં શાહને મળવા જઈ રહ્યા હતા, "હું ઇચ્છું છું કે શાહ સાથેની મારી એક મુલાકાતથી જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો મળી જાય."

આજનું પંચાંગ

તા.28/05/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે** : 1948
વીર સંવત : 2552 **માસ** : અધિક જેઠ
તિથિ: સુદ: બારસ: 07:58 પછી તેરસ : પ્રદોષ
અયન : ઉત્તરાયન **ઋતુ** : ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 07
યોગ : વરિયાન **કરણ:** કૌવલ
નક્ષત્ર : ચિત્રા: 08:09 પછી સ્વાતિ
રાશિ: તુલા (ર.ત.)
દિવસ : શુભ - બકરી ઇદ, -મુ.
સુરતમાં સૂર્યોદય : 05:59
સુરતમાં સૂર્યાસ્ત : 19:13
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 દએ માસનો 17મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 10મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે : 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): શુભ સમાચાર મળે. નવા કામની શરૂઆત થાય. નોકરી-ધંધામાં નવાં અનુકૂળ ફેરફાર થાય.
વૃષભ (બ,વ,ઉ,): સરકારી કામમાં પ્રગતિ થાય. હરીફોની હાર થાય. અચાનક નોકરીમાં નવી તક મળે.
મિથુન (ક,છ,ઘ,): પ્રેમવિવાહની ઓફર આવી શકે છે. સંતાનોનાં કામમાં પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ મળે.
કર્ક (ડ,હ,): નવા ઘર માટેની યોજના સફળ રહે. માતા-પિતાની મદદ વારસા વગેરેમાં મળે.
સિંહ (મ,ટ,): ક્રિએટીવ વિચારો અને ટેક્નોલોજીનું જ્ઞાન નવી તક ઊભી કરે. શુભ સમાચાર મળે.
કન્યા (પ,ઠ,ણ,): ઉઘરાણી આવે. નવાં રોકાણથી લાભ થાય. વારસાગત અને દલાલીના ધંધામાં આવક.
તુલા (ર,ત,): આરોગ્ય સુધરે. ભાગ્યનો સાથ મળે. નોકરી ધંધામાં નવી તક મળે. નવા સંબંધો બને.
વૃશ્ચિક (ન,ય,): શુભ કામમાં ખર્ચા વધશે. સમાજમાં માન મળે. આરોગ્યની ચિંતા અને ખર્ચા વધે.
ધન (ભ,ધ,ફ,ઢ,): મિત્રોની મદદથી સંતાનોના કામમાં પ્રગતિ થાય. પ્રેમમાં મદદ મળે. આવક વધે.
મકર (ખ,જ,): ધંધામાં નવા સોદા પાર પડે. સમાજમાં અશાંતિ થાય. પ્રેમમાં મદદ મળે. આવક વધે.
કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સાથે મનોરંજન થાય. આવક વધારવાની યોજના પાર પડે. જીવનસાથીનો સાથ.
મીન (દ,ચ,ઝ,થ,): સરકારી કામ અને યોજનામાં પ્રગતિ થાય. ઉઘરાણી આવે. નોકરીમાં સાવધાન રહેવું.

કોઈ પણ સાલમાં 28 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષમય રહે. નવા ફેરફાર નવી જવાબદારી અને બદલીના કારણે નોકરીમાં દોડધામ અને અશાંતિ વધશે. નોકરી-ધંધામાં ટેકનોલોજીના લાભ મળે. સમાજમાં ચડતી-પડતી રહે. પરિવારની જવાબદારી સતાવે. સંતાનોનાં અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે.આર્થિક બાબતે ચડતી-પડતી રહે. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશ પ્રવાસનાં કામ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. વારસા, જાયદાદ, જમીન જેવાં કામમાં વિઘ્નો આવે. આવક વધારવાની યોજનામાં વડીલો-મિત્રોની મદદ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. જુલાઈ-ઓગસ્ટમાં રવિ-સોમવાર, 1,10,28 તારીખે નવા કામ કરી શકાય. સોનેરી, કથઇ અને ભૂરા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર શુક્ર શનિવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવની ઉપાસના કરતા રહેવું.